ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૩૮.૮ ડીગ્રી
લઘુતમ : ૨૨.૫ ડીગ્રી
ભેજ
સવારે ૪૪ ટકા ● સાંજે ૨૩ ટકા

# ચિલોડા પોલીસે ૧૧ ભૂમાફિયા ઝડપી પાડયા

## માધવગઢ ગામે સાબરમતી નદીના પટમાં ગેરકાયદેસર રેતીની ચોરી કરતા ભૂમાફિયાની ફરિયાદો મળી હતી : પોલીસે ૩૪.૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો



ગાંધીનગર, તા.૮

ચિલોડા નજીકના માધવગઢ ગામની સીમમાંથી સાબરમદી નદી પસાર થાય છે. જયાં આજે ચિલોડા પોલીસની ટીમે નદીના પટમાં દરોડો પાડી ગેરકાયદેસર રેતીનું ખનન કરતા ૧૨ ઈસમોને ઝડપી પાડયા હતા. દરોડામાં પોલીસે કુલ ૧૧ ટ્રેકટરો સહિતનો રૂ. ૩૪.૫ લાખનો મુદ્દામાલ તપાસ અર્થે કબજે કર્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર ચિલોડા પોલીસ મથકના પી.આઈ. એલ.ડી. વાઘેલા પોતાની ટીમ સાથે ચિલોડા વિસ્તારમાં પટ્રોલિંગમાં હતા આ દરમિયાન માધવગઢ ગામે સાબરમતી નદીના પટમાં ગેરકાયદેસર રેતી ચોરીની બાતમી મળી હતી. પી.આઈ. વાઘેલાએ પોતાની પોલીસ ટીમ સાથે આયોજન બધ્ધ માધવગઢની સીમમાં સાબરમતી નદીના પટમાં દરોડો પાડયો હતો અને ગેરકાયદેસર રીતે રેતીની ચોરી કરતા ૧૨ જેટલા ઈસમોને ઝડપી પાડયા હતા જયારે એક ઈસમ નાસી છુટયો હતો. પોલીસ દરોડામાં નરેન્દ્ર બળેદવજી ઠાકોર, વિશાલ સોનાજી ઠાકોર, મહેશજી ગાંડાજી ઠાકોર, દિપક ભુરાજી ઠાકોર, મેલાજી અરજણજી ઠાકોર, પ્રકાશ કચરા ઠાકોર, મહેન્દ્ર વિરાજી ઠાકોર, લાલાજી બેચરજી ઠાકોર (તમામ રહે. દેલવાડ) માણસા તથા ગુલાબ નારણજી વણઝારા, કિશન કાનાજી ચાવડા, મહાવીર ઘનશ્યામ ચાવડા અને અજમલ કાનાજી વણઝારા તમામ રહે. અંબોડની ધરપકડ કરી હતી. ચિલોડા પોલીસે તમામ આરોપીઓ વિરૂધ્ધ ગુનો દાખલ કરી ૧૧ ટ્રેકટર સહિતનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ મામલે આગળની તપાસ પી.એસ.આઈ. ટી.આર. રાઠવા ચલાવી રહ્યા છે.



સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત તાજેતરમાં ગાંધીનગર મહાનગર ભાજપના પ્રમુખ મહેન્દ્ર દાસે સિવિલ હોસ્પિટલની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે તેઓએ વિવિધ વોર્ડ, ઓપીડી બિલ્ડીંગ, આઈસીયુ, તાત્કાલિક સારવાર વિભાગ સહિતના વિભાગોમાં ફરી સ્વચ્છતાની ચકસણી કરી હતી અને તંત્રને સ્વચ્છતા અંગે જરુરી સુચનો કર્યા હતા. આ પ્રસંગે હોસ્પિટલના આર.એમ.ઓ. ડૉ. રાજેન્દ્ર ચૌહાણ, એ.એન.એસ. પુષ્પાબેન, એસ.આઈ. પ્રકાશભાઈ રાજદીપના સુપરવાઈઝર રાકેશ, પંકજ સહિત સિકયોરીટી જવાન હાજર રહ્યા હતા.

## ઈન્દ્રોડાના ઈન્દ્રાણી મંદિરમાંથી હનુમાનજીના ચાંદીના મુગટની ચોરી

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર નજીકના ઈન્દ્રોડા ગામે ઈન્દ્રાણી મંદિરમાંથી તસ્કરો ગત રોજ હનુમાનજીની મૂર્તિ પરથી ચાંદીનો મુગટ ચોરી પલાયન થઈ ગયા હતા.

પ્રાપ્ત વિગતો મુજબ ગાંધીનગર નજીકના ઈન્દ્રોડા ગામના પાદરે ઈન્દ્રાણી માતાનું ભવ્ય મંદિર આવેલું છે. કેટલાક તસ્કરોએ ગત મોડી રાત્રે મંદિરમાં પ્રવેશ કરી હનુમાનજીની મૂર્તિ પરથી ચાંદીનો મુગટ ચોરી લીધો હતો. વહેલી સવારે મંદિરના પુજારીએ આ ચોરી અંગે પોલિસમાં જાણ કરતા ઈન્ફોસીટી પોલિસે ઘટના સ્થળે જઈ તપાસ કરી હતી. પોલિસે આ ચોરી મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# શહેરમાં તસ્કરોનો તરખાટ

## સે-૧૨માં એક જ રાત્રીમાં ત્રણ બંધ મકાનના તસ્કરોએ તાળા તોડયા : સવા લાખની ચોરી

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરમાં છેલ્લા ઘણા દિવસોથી તસ્કરો એક પછી એક ચોરીઓને અંજામ આપી તરખાટ મચાવી રહ્યા છે. દરરોજ એકાદ બે ઘરફોડ ચોરી કરી પોલિસને પડકાર ફેંકી રહ્યા છે. જેની પરથી સ્પષ્ટ દેખાય છે કે શહેર પોલિસ આ તસ્કરો સામે લાચાર બની ગઈ છે. છેલ્લા ઘણા સમયથી સક્રીય તસ્કર ટોળકીએ ગત રોજ ફરી એકવાર સેકટર-૧૨માં જુદા જુદા ત્રણ મકાનોમાં ઘરફોડ ચોરી કરી પોલિસને ફરી પડકાર ફેંકયો છે. તસ્કરો આ ચોરીમાં અંદાજે રૂ. ૧,૨૮,૦૦૦નો મુદ્દામાલ ચોરી કરી પલાયન થઈ ગયા હતા.

પ્રાપ્ત વિગતો અનુસાર શહેરના સેકટર-૧૨-બી પ્લોટ નં. ૪૧૪/૨ ખાતે સૌરભ વિનોદભાઈ ગુપ્તા પોતાના પરિવાર સાથે રહે છે. સૌરભ ગુપ્તા અમદાવાદ ખાતે નોકરી કરે છે. દરમિયાન ગત રોજ સવારે વિનોદ ગુપ્તા અમદાવાદ નોકરી ગયા હતા જયારે તેમની પત્ની સેકટર-૪માં પોતાના પિયરમાં ગયા હતા. આથી દિવસ અને રાત દરમિયાન મકાન બંધ હતું. બસ આજ બંધ મકાનનો લાભ લઈ તસ્કરોએ મોડી રાત્રે મકાનને નિશાન બનાવ્યું હતું અને ઘરના મુખ્ય દરવાજાના નકૂચા તોડી અંદર પ્રવેશ કર્યો હતો. ઘરમાં ઘુસી તસ્કરો સામાન જેમ તેમ ફેંકી તિજોરીનું લોક તોડી સોના ચાંદીના દાગીના, રૂ. ૩૦ હજારની કિંમતની ૩ ઘડીયાળ તથા એક સેમસંગ કંપનીનું ટેબલેટ મળી કુલ રૂ. ૧,૨૩,૦૦૦નો મુદ્દામાલ ચોરી કરી પલાયન થઈ ગયા હતા. આ ચોરી અંગે પડોશીને જાણ થતા મકાન માલિક સૌરભ ગુપ્તાને ફોન કરી જાણ કરાતા તેઓ અમદાવાદ ખાતેથી દોડી આવ્યા હતા અને ચોરી બાબતે સેકટર-૭ પોલિસ મથકમાં જાણ કરી હતી.

તસ્કરો અહીં જ રોકાયા નહી અને સેકટર-૧૨-સીના એક બંધ મકાનનું મુખ્ય દરવાજાનું તાળુ તોડી અંદરથી રૂ. ૫૦૦૦ના ચાંદીના સેટની ચોરી કરી ગયા હતા જયારે આ તસ્કરોએ સેકટર-૧૨ના જ સહજાનંદ એપાર્ટમેન્ટના પણ એક બંધ મકાનનું તાળુ તોડી ચોરી કરી હતી. જો કે ત્રીજા મકાનમાંથી કઈ ચીજ વસ્તુઓની ચોરી થઈ છે તે અંગેની માહિતી મળી નથી. આમ ચોરોએ એક જ રાતમાં ત્રણ બંધ મકાનના તાળા તોડી ભારે તરખાટ બોલાવી શહેરમાં હાહાકાર મચાવી દીધો છે. આ ચોરી મામલે સે-૭ પોલિસે ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.

# ચિલોડા સર્કલ પર લોડીંગ ટ્રક પલ્ટી

ગાંધીનગર, તા.૮

ચિલોડા સર્કલ પાસે આજે સવારે ઓવર ટેક કરતી રીક્ષાને બચાવવા જતા આખી લોડીંગ ટ્રક જ પલ્ટી મરી ગઈ હતી અને સર્કલના નિર્માણાધિન ઓવરબ્રિજના પિલરને જઈ અથડાઈ હતી. આ ટ્રક પલ્ટી જવાની ઘટનાએ સર્કલ આસપાસ ટ્રાફિક જામ થઈ ગયો હતો.




પ્રાપ્ત વિગતો મુજબ જ રાજકોટથી દિલ્હી જવા લોડીંગ ટ્રક નં એચ.આર. ૫૫-ઈ-૦૨૭ને લઈ ચાલક આજે વહેલી સવારે ચિલોડા સર્કલ પાસે પહોંચ્યો હતો. જયાં સર્કલ પાસે જ એક રીક્ષા ચાલકે પુરપાટ ઝડપે રીક્ષા હંકારી ટ્રકને ઓવર ટેક કરવાનો પ્રયાસ કરતા ટ્રક ચાલકે ટ્રક પરનો કાબુ ગમાવતા ટ્રક અચાનક પલ્ટી મારી જતા અકસ્માત સર્જાયો હતો. ટ્રક પલ્ટી મારીને નિર્માણાધિન ઓવરબ્રિજના પિલર પાસે જઈ અથડાઈ હતી. અકસ્માત સર્જાતા સ્થાનિકો દોડી આવ્યા હતા અને ટ્રક ચાલકને ટ્રકનો કાચ તોડી બહાર કાઢયો હતો જો કે ટ્રક ચાલકને કોઈ ગંભીર ઈજાઓ થવા પામી ન હતી.

ચિલોડા સર્કલ પાસે બની રહેલા ઓવરબ્રિજને લીધે હાલ ટ્રાફિકની સમસ્યા ગંભીર બની છે. બીજી તરફ શટલીયા જીપ ચાલકો પણ આ સર્કલ પાસે અડ્ડો જમાવી દેતા અન્ય મોટા વાહન ચાલકોને વાહન ચલાવવામાં અનેક વખત અકસ્માતનો સામનો કરવો પડે છે તો કેટલાકે જીવ ગુમાવવાનો વારો પણ આવે છે. ચિલોડા પોલિસ જીપ શટલીયા ચાલકો સામે કાર્યવાહી કરે તેવી માંગ ઉઠવા પામી છે.



‘દલિત સાહિત્ય વિમર્શ મંચ’ના ઉપક્રમે આજે ગાંધીનગર ડૉ. આંબેડકર હોલ ખાતે વિદ્વાન પ્રોફેસર ડૉ. ધીરજ વણકરે ‘ગુજરાત દલિત સાહત્ય અકાદમી’ પ્રકાશિત દળદાર ગ્રંથ ‘અનન્ય’ પર મનનીય પ્રવચન આપ્યું હતું. આ સમયે સર્વશ્રી હરીશ મંગલમ્, ડૉ. પથિક પરમાર, પ્રવીણ ગઢવી, સાહિલ પરમાર, ભી.ન. વણકર, રમણ વાઘેલા, નટુભાઈ પરમાર, અરવિંદ વેગળા, પ્રવીણ શ્રીમાળી સહિત દલિત સાહિત્યના ભાવિકો સૌ ઉપસ્થિત રહ્યા હતા.

# હવે શહેરની સિવિલમાં પણ ગરીબ દર્દીઓના “ઘુંટણ” બદલાશે

## મા અમૃતમ કાર્ડ અંતર્ગત સરકાર દ્વારા દર્દીને રૂ.૪૦ હજારની સહાય અપાશે

ગાંધીનગર, તા.૮

હવે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પણ લાકડીના ટેકે ચાલતા અને ઘુંટણના અસહ્ય દર્દથી પિડાતા ગરીબ દર્દીઓના ઘુંટણની સફળ સર્જરી કરવામાં આવશે. મુખ્યમંત્રીની મા અમૃતમ કાર્ડ યોજના હેઠળ ઘુંટણની સર્જરીમાં રૂ.૪૦ હજારની સહાય રાજય સરકાર તરફથી દર્દીને મળશે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ગરીબ દર્દીઓ માટે આશિર્વાદરૂપ છે. રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. મેડીકલ કોલેજને પગલે તાવથી માંડીને કીડનીની બિમારીથી પિડાતા દર્દીઓના ડાયાલીસીસ પણ સિવિલમાં થાય છે. ત્યારે દર્દીઓને મળતી માળખાકીય સુવિધામાં પણ વધારો કરાયો છે. ગાંધીનગર સિવિલમાં દર્દીઓનો ધસારો વધુ રહે છે. ત્યારે શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં કેટલાક દર્દીઓ ઘુંટણના દર્દથી પિડાય છે, ઉભા થઈ શકતા નથી કે ચાલી પણ શકતા નથી. સામાન્ય અંતરે જવા માટે પણ બે કે તેથી વધુ વખત બેસીને અંતર કાપે તેવી સ્થિતિ હોય છે. માનવી ઘુંટણના ઘસારાને પગલે હેરાન પરેશાન થઈ ઉઠે છે. ત્યારે મોંઘી હોસ્પિટલમાં પહોંચી વળે તેવા નાગરીકો ઘુંટણની સર્જરી કરાવે છે અને દર્દથી રાહત મેળવે છે. ત્યારે રાજય સરકાર અને આરોગ્ય વિભાગે પણ ગરીબ દર્દીઓની ચિંતા કરીને હવે ઘુંટણની સારવારમાં રાહત આપવામાં આવશે.

પ્રાપ્ત માહિતી મુજબ મુખ્યમંત્રી મા અમૃતમ યોજના હેઠળ લાકડીના ટેકે ચાલતા ગરીબ દર્દીઓના એક ઘુંટણની સર્જરી માટે રૂ.૪૦ હજારની સહાય આપવામાં આવશે. આ અંગે સિવિલના ઓર્થોપેડીકના એચઓડી ડો.બિમલ મોદીએ જણાવ્યું છે કે રાજય સરકારની મા અમૃતમ યોજના હેઠળ રૂ.૪૦ હજારની સહાય મળે તો સરળતાથી દર્દીનું ઓપરેશન થઈ શકે છે અને દર્દી આરામથી ચાલી શકે છે અને દર્દમાંથી રાહત મળે છે. ત્યારે આગામી ટુંક સમયમાં આ યોજના હેઠળ ઘુંટણના દર્દથી કણસતા દર્દીઓના ઓપરેશન કરવામાં આવશે. ત્યારે રાજય સરકાર અને આરોગ્ય વિભાગની આ યોજના ગરીબ દર્દીઓ માટે આશિર્વાદરૂપ સાબિત થશે.

# ગાંધીનગર એલસીબીએ દારૂના જુદા જુદા ૩ કેસોમાં ૪ બુટલેગરોને જેલ હવાલે કર્યા

## પોલિસે દેશી-દારૂની પ્રવૃત્તિ કરતી મહિલા બુટલેગર સહિત ચાર આરોપીઓની ધરપકડ કરી રૂ. ૧૯૩૫૦નો મુદ્દામાલ જપ્ત કર્યો






ગાંધીનગર, તા.૮

ગાંધીનગર એલસીબીની ટીમે ગાંધીનગર જિલ્લાના ત્રણ જુદા જુદા સ્થળે દેશી વિદેશી દારૂ હેરફેર અને બનાવટના ત્રણ કેસોમાં ચાર બુટલેગરો સામે ગુનો દાખલ કર્યો હતો. એલસીબી પોલિસે આ ત્રણેય ગુનામાં કુલ રૂ. ૧૯,૩૫૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર જિલ્લા પોલિસ વડાની સૂચનાથી એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહિત અને ટી.આર. ભટ્ટની ટીમે દારુના બનાવ અંગે સઘન કામગીરી શરુ કરી છે. ગાંધીનગર એલસીબી ટીમના યજવેન્દ્રસિંહ તથા વિપુલકુમારે દહેગામ નજીક પેટ્રોલીંગમાં હતા દરમિયાન શંકાસ્પદ ઈટરનો સ્કૂટર નં. જીજે ૧૮ એસ. ૬૧૯૪ની તપાસ કરતા તેમાંથી રૂ. ૩૪૫૦ની કિંમતની ૭ વિદેશી દારૂની બોટલ કબજે કરી હતી. પોલિસે દારૂની હેરફેર કરતા આરોપી અમરસિંહ પ્રતાપસિંહ પરમાર રહે. કોઠારી દવાખાનાની બાજુમાં શકરાભાઈની ચાલી દહેગામની પણ ધરપકડ કરી તેની પાસેથી ૮૦૦૦ની કિંમતનું ઈટરનો સ્કૂટર જપ્ત કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

એલસીબીની બીજી ટીમના રણજીતસિંહ અને જીગ્નેશકુમારે કલોલ તાલુકાના ખોરજાપરા ગામે શેરીસા ગામની સીમમાં રેડ કરી હતી. જેમાં આરોપી રણજીતજી અરજણજી ઠાકોર તથા બકાજી માધાજી ઠાકોર રહે. ખોરજાપરા તા. કલોલની ધરપકડ કરી રૂ.૨૧૦૦ની કિંમતનો ૧૦૫ લીટર દેશી દારૂ તથા રૂ. ૧૬૦૦ની કિંમતનો ૮૦૦ લીટર વૉશનો જથ્થો કબજે કર્યો હતો. ઉપરાંત એલસીબી ટીમે રણાસણ ગામે રેડ કરી રણાસણ ગામની સરકારી જમીનની પાસે આવેલા ખેતરમાં દેશી દારૂની ભઠ્ઠી પરથી રૂ. ૨૧૦૦ની કિંમતનો કુલ ૧૦૫ લિટર દેશીદારૂનો જથ્થો પકડી પાડયો હતો. પોલિસે આ ગુનામાં કાળીબેન દિનેશજી ઠાકોર (રહે. રણાસણ)ની વિરુધ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા “વેકેશન વિજ્ઞાન સંગ” કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૮

ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી અને નિસર્ગ સાયન્સ સેન્ટરના સંયુકત ઉપક્રમે પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ ઉનાળા વેકેશનમાં વિવિધ સાયન્સ વર્કશોપ અને વિવિધ વૈજ્ઞાનિક પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવ્યું છે. વેકેશન દરમિયાન વિદ્યાર્થીઓ પોતાની રજાઓ ટીવી, વિડીયોગેમ, ફિલ્મ, મોબાઈલ માં વેડફી ન દે તે માટે તા.૧-૫-૧૮ થી તા.૧૭-૫-૧૮ સુધી સાયન્સ ટેલેન્ટ વર્કશોપનું આયોજન કરાયું છે.

નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા વર્ષ દરમિયાન વિવિધ પ્રકારની વૈજ્ઞાનિક પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવે છે. વિદ્યાર્થીઓની રસ અને રૂચીને ધ્યાનમાં રાખીને વિવિધ વર્કશોપ જેવા કે મોડેલ રોકેટરી, હેલીકોપ્ટર, મેકીંગ વર્કશોપ, ફન વિથ કેમેસ્ટ્રી, સાયન્સ બિહાઈન્ડ મેઝીક વર્કશોપ, ફોન નિદર્શન એન્ડ રોબોટીકસ વર્કશોપ, મેગ્નેટીઝમ વર્કશોપ, બાયોટેકનોલોજી વર્કશોપ,ગણિત ગમ્મત વર્કશોપ, વોટર ટેસ્ટીંગ વર્કશોપ, ફુડ ટેસ્ટીંગ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્કશોપમાં નિષ્ણાંતો દ્વારા વિદ્યાર્થીઓને મોડેલ બનાવતા શીખડાવવામાં આવશે. તેમજ તેની રચના કાર્ય પધ્ધતિ વિશે પણ માહિતી આપવામાં આવશે. ઉપરાંત વિજ્ઞાનની નવી શોધો વિશે તેમજ જુદા જુદા વિજ્ઞાનના સિધ્ધાંતો વિશે નિષ્ણાંતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે.વિદ્યાર્થીઓના મનમાં ઉદભવતા પ્રશ્નોનું પણ વૈજ્ઞાનિક રીતે વિચારીને જવાબ આપવામાં આવશે. આ વર્કશોપમાં ધો-૫ થી ૧૦ ના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે. આ વર્કશોપ તા.૧ થી ૧૭ મે દરમિયાન સવારે ૮.૩૦ થી ૧૧.૩૦ સુધી નિસર્ગ સાયન્સ સેન્ટર બ્લોક નં ૬૧-૧ ઘ ટાઈપ લગ્ન વાડી પાસે સેકટર-૨૩ ગાંધીનગર ખાતે યોજાશે.આ વર્કશોપ અંગે વધુ માહિતી માટે નિસર્ગ સાયન્સ સેન્ટરના ફોન નં- ૨૩૨૩૫૨૧૫ અને ૨૩૨૩૮૧૩૦ પર સંપર્ક કરી શકાશે.

## ચિરવિદાય

- સ્વ. હેમલતાબેન નટવરલાલ પંડયા, ઉ.વ. ૮૫
- સ્વ. જગજીવનદાસ કચરાદાસ મેવાડા, ઉ.વ. ૭૮